**<u>અમદાવાદનાં મે.અધિક સત્ર ન્યાયાધીશશ્રી જે.આઇ.પટેલ સાહેબની</u>**

**<u>કોર્ટ નં.૬ . મુ. અમદાવાદ.(બેઇલ કોર્ટ)</u>**

**ક્રિ.પ.અ.નં.૪૯૯૮/૨૦૨૬**

અરજદાર/ આરોપી : **ઉમીદહુસેન ઉર્ફે ઉમ્મી અલીહસન શેખ**
ઉ.વ.આ.૩૮,ધર્મે–મુસ્લીમ,ધંધો–
રહે–ઘર નં.૯૯૯૯, ખોજાપુરાની ચાલી,
પ્રેમદરવાજા બહાર, કાલુપુર, અમદાવાદ.
(હાલ સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ)

**વિરુધ્ધ.**

સામાવાળા : **સરકાર શ્રી**

---

અરજદારો તરફે. : –વિ.વ.મીસ. ટી.એ.નાગોરી

સામાવાળા તરફે. :– વિ.એ.પી.પી.શ્રી

---

**<u>ચુકાદો</u>**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ માધવપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:–૧૧૧૯૧૦૧૦૨૬૦૨૧૪/૨૦૨૬, ધી બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧), ૧૧૫(૨), ૫૪, ૬૧(૨)(એ) વિગેરે મુજબ ગુનો નોંધાયેલ હોય, સદરહું ગુનાના કામે અરજદાર/આરોપી હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, અરજદાર/આરોપીએ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ (ટુંકમાં બી.એન.એસ.એસ.)ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**(૨)** જામીન અરજી રજુ થતા વિ.એ.પી.પી.શ્રીને નોટીસ કાઢવામાં આવેલ છે જે અન્વયે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે તેઓએ તપાસ કરનાર અધિકારીએ આંક–૫ થી સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ જામીન અરજી અન્વયે દલીલ કરી જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ અને બેગુનાહ છે અને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. હાલના અરજદારનો રોલ ફકત ગડદાપાટુનો માર મારવાનો છે. ફરીયાદમાં અરજદારનું કોઇ નામ કે વર્ણન નથી. અરજદારનું નામ ફરીયાદીના સ્ટેટમેન્ટ આધારે દાખલ કરવામાં આવેલ છે. અરજદારે કોઇ ગંભીર ઇજાઓ પહોંચાડેલ નથી. અરજદાર પાસેથી કોઇ હથિયાર રીકવર કે ડીસ્કવર કરવામાં આવેલ નથી. આ કામે અરજદાર વિરુધ્ધ સીધો કે આડકતરો કોઇ પુરાવો નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. મોટાભાગની તપાસ પૂર્ણ થઇ ગયેલ હોય, અરજદારને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદારે ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇ ભાગ ભજવેલો નથી . અરજદાર અમદાવાદના કાયમી રહીશ છે, નાસી ભાગી જાય તેમ નથી તેમજ નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે તે તમામ કારણો ધ્યાને લઇ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના સંજય ચંદ્રા વિ.સી.બી.આઇ તેમજ કલ્યાણ ચંદ્ર સરકાર વિ. રાજેશ રંજન ના ચુકાદાઓ ધ્યાને લઇ અરજદારને રેગ્યુલર જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અધિકારીએ રજુ કરેલ એફીડેવીટ અન્વયે દલીલ કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ અન્ય આરોપી સમીર ઉર્ફે સોહીલ કુરેશીને ગુનાના સક્રિય મદદગારી કરી, ફરીયાદીને ગડદાપાટુનો માર મારવાનો તેમજ આરોપી સમીરે ઉર્ફે સોહીલે છરીથી ૯ ઘા મારેલ હોવાનો આક્ષેપ છે. આ કામના આરોપી સમીર ઉર્ફે સોહીલને ફરીયાદી સાથે લગ્ન

બાહ્ય સંબંધો હોવાના કારણે હાલનો બનાવ બનવા પામેલ છે. અરજદાર/વિરુધ્ધ ગંભીર ગુનાનો આક્ષેપ હોય, ઈજા પામનારને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવેલ છે. પરંતુ, ગુનાની હાલ તપાસ ચાલુ હોય, જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદી સાથે સુલેહ શાંતીનો ભંગ કરે તેવી શક્યતા રહેલી હોય, અરજદારનો ગુનાના કામે રોલ ધ્યાને લઈ, અરજદાર/આરોપીની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે રજુ થયેલ જામીન અરજી તથા તે સાથે રજુ થયેલ દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધા. બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી.

(૬) આ કામે ફરીયાદ હકીકત ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતા આ કામના ફરીયાદીને આરોપી નં. ૧ સમીર ઉર્ફે સોહીલ કુરેશીની પત્ની સાથે પ્રેમ સંબંધ હોય, જેની અદાવત રાખી, આરોપી નં. ૧ નાએ ફરીયાદીને જાનથી મારી નાંખવાના ઈરાદે પૂર્વ આયોજીત કાવતરુ રચી, પોતાની પત્નીના મોબાઇલ ફોનથી ફરીયાદીને વોટ્સએપમાં મેસેજ કરી તા.૨૫.૦૫.૨૦૨૬ ના કલાક ૨૧.૦૦ વાગ્યાની આસપાસ માધુપુરા, દુધેશ્વર, રાજ હોટલ સામેના પાર્કીગમાં મળવા બોલાવી હાલના આરોપી સાથે મળી આરોપી નં. ૧ સમીરે તેની પાસે રહેલ ચપ્પુથી ફરીયાદીને આડેધડ ઘા મારી, હાલના આરોપીએ છુટા હાથથી મારામારી કરી, આરોપી નં. ૧ નાએ ફરીયાદીને પેટના ભાગે ચપ્પાના પાંચ ઘા તેમજ જમણા હાથે તેમજ ગળાના ભાગે તેમજ કમરના પાછળના ભાગે તેમજ પર ઉપર ચપ્પુના ઘા મારી એકબીજાને મદદગારી કરી, ઈજા પામનારને ગંભીર જીવલેણ ઈજાઓ પોહંચાડેલ હોવાનો આક્ષેપ છે. આ કામે ઈજા પામનારને

હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવેલ છે. પરંતુ, આમ, હાલના અરજદારનો ગુનાના કામે રોલ ધ્યાને લેતા તેમજ ગુનાની ગંભીરતા તેમજ સજાની જોગવાઇ વિગેરે ધ્યાને લેતા, હાલ ગુનાની તપાસ ચાલુ હોય, અરજદારને જામીન મુકત કરેથી તપાસ કરનાર અધિકારીની રજુઆત મુજબ ફરીયાદી સાથે સુલેહ શાંતીનો ભંગ કરે તેવી શક્યતા રહેલી હોય, તે સંજોગોમાં અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયી અને વ્યાજબી જણાતું ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

માધવપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:- ૧૧૧૯૧૦૧૦૨૬૦૨૧૪/૨૦૨૬, ના ગુનાના કામે હાલના અરજદાર/ આરોપી **ઉમીદહુસેન ઉર્ફે ઉમ્મી અલીહસન શેખ** નાઓની હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

જરુરી યાદીઓ કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૧૦** મી માહે **જુલાઇ** સને **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

સ્થળઃ અમદાવાદ
તારીખઃ૧૦.૦૭.૨૦૨૬

(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)
જજ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અદાલત નંબરઃ ૬,(બેઈલ કોર્ટ)
અમદાવાદ.
**યુનિક આઈ.ડી નંબરઃ GJ00646**

//hdp//